દિવ્ય ભાસ્કર

https://divya-b.in/zjTvWqvYvAb

# રાષ્ટ્રીય કોન્કલેવનું આયોજન:EDII તથા DICCI NextGen દ્વારા સંયુક્તપણે નેશનલ કોન્કલેવ ઓન એમ્પાવરિંગ યૂથ યોજાઈ

અમદાવાદ2 દિવસ પહેલા




ભારતની જી-20 પ્રેસિડેન્સીમાં યુવાનોને સામેલ કરવા તથા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા આંત્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ તથા દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'એમ્પાવરિંગ યૂથ ફોસ્ટરિંગ ઈન્કલુઝન એન્ડ ડાયવર્સિટી' વિષય પર રાષ્ટ્રીય કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્કલેવને SIDBI પણ સહયોગ મળ્યો હતો અને તેનું આયોજન યુવાનોને એમ્પાવર કરવા, તેમને અર્થસભર ચર્ચા માટે મંચ પૂરો પાડવા, નોલેજ શેરિંગ માટે તથા ડાયવર્સિટી અને ઈન્કલુઝન મજબૂત બનાવવા કરવામાં આવ્યું હતું.

## સમાજમાં ડાયવર્સિટી અને ઈન્કલુઝન હાંસલ કરવા પર ચર્ચા

કોન્કલેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈન્કલુઝન હાંસલ કરવામાં આવતા પડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો. વિવિધ સ્તરે ડાયવર્સિટી અને ઈન્કલુઝનને પ્રોત્સાહિત કરવા માટેના નૂતન ઉપાયો વિશે પણ કોન્કલેવમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઈવેન્ટના ભાગરૂપે વિવિધ ટેકનિકલ સેશનનું પણ આયોજન થયું હતું. વિવિધ

સેશનમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં ભાવિ કામગીરી, સર્વસમાવેશી પ્રેક્ટિસ હાંસલ કરવા માટેના ઉપાય તથા લાંબાગાળાની સ્થિરતા માટે સહયોગના મહત્ત્વ અને ઈન્ક્લુઝિવ નીતિઓ વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી.

**આ શ્રેષ્ઠ સમયનો લાભ લેવા વિનંતીઃ ડો. મિલિન્દ કામ્બલે**

આ પ્રસંગે ડો. મિલિન્દ કામ્બલેએ કહ્યું હતું કે, જી-20માં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ભારત અન્ય દેશોથી આગળ છે. આ યોગ્ય સમય છે, જ્યારે યુવાનો નોંધપાત્ર ભૂમિકા ભજવવાની છે અને મોટી જવાબદારી ઉપાડવાની છે. તેમણે વિચારો, યાજનાઓ તથા વ્યૂહરચના રજૂ કરવી જોઇએ, જેથી લાભદાયક માળખું અને વ્યવસ્થા તૈયાર કરવામાં મદદ મળે. દેશના વસ્તીલક્ષી વૈવિધ્યને વાસ્તવમાં વાય-20 દ્વારા પોતાને વધુ તેજસ્વી બનાવવા અને પ્રગતિનું નેતૃત્વ કરવાની તક આપે છે. સામાજિક અને આર્થિક ઈન્ક્લુઝન એ એવું પ્રગતિશીલ પગલું છે, જેનો ભારતે વ્યાપક ઉપયોગ કર્યો છે. યુવાનોને આગળ આવીને આ શ્રેષ્ઠ સમયનો લાભ લેવા વિનંતી કરું છું.

**કાર્યક્રમમાં મહાનુભાવો હાજર રહ્યાં**

કોન્કલેવના ઉદ્‌ઘાટન સમારંભમાં DICCIના સ્થાપક ચેરમેન તથા EDIIના બોર્ડ મેમ્બર ડૉ. મિલિન્દ કામ્બલે, યૂથ 20, કન્વીનર સેક્રેટરિએટ અજય કશ્યપ, SIDBIના જનરલ મેનેજર સંજય ગુપ્તા, DICCI નેક્સ્ટજનના રાષ્ટ્રીય કન્વીનર મૈત્રેયી કામ્બલે તથા EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લ ઉપસ્થિત રહ્યાં હતાં.